# શહેરમાં ૧૭ રખડતા પશુઓ પકડાયા

**દબાણ હટાવવા તેમજ હોર્ડિંગ્સ પણ દૂર કરાયા અને સફાઈ અભિયાન વેગીલુ બનાવાયુ**



ગાંધીનગર, તા. ૧૧

આગામી ૧૩ અને ૧૪ના રોજ ગાંધીનગર ખાતે વડાપ્રધાન સહિત વિદેશી મહેમાનો આવી રહ્યા હોવાથી મનપાની ઢોર પકડ પાર્ટીએ રખડતા પશુઓ પકડવાની કામગીરીને વેગીલી બનાવી છે. આજે ૧૭ જેટલા પશુઓને પકડી પાડવામાં આવ્યા છે.

શહેરમાં સ્વચ્છતા અભિયાન પણ સઘન બનાવવામાં આવ્યુ છે. શહેરમાં આડેધડ લગાવાયેલા હોર્ડિંગ્સને પણ તંત્ર દ્વારા હટાવવામાં આવી રહ્યા છે.

તંત્ર દ્વારા આજે ૩૦૦ જેટલા નાના-મોટા હોર્ડિંગ્સ હટાવી દઈ અને રસ્તાનું વિઝન ક્લીયર રહે તે દિશામાં કામગીરી કરી છે.

૨૦૦થી વધુ મોટા અને ૨૦ થી વધુ નાના હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત તંત્ર દ્વારા કોબાથી ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સુધીના માર્ગ પર આવતા દબાણોને હટાવવાની કામગીરી પણ વેગીલી બનાવવામાં આવી છે.

તંત્ર દ્વારા આ વિસ્તારોમાં સફાઈ અભિયાન સઘન બનાવવામાં આવ્યુ છે. એટલું જ નહિ રોડ પર જ્યાં નાના-મોટા ખાડા પડ્યા છે તેના મરામતની કામગીરી પણ પુરજોશમાં હાથ ધરવામાં આવી છે.

# રૂપાલનો પ્રસિદ્ધ પલ્લી મેળો ૨૯મીએ યોજાશે

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આગામી તા ૨૯ સપ્ટેમ્બરના રોજ વરદાયિની માતના ભવ્ય પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ છે. લાખો ભાવિકોની શ્રધ્ધાનુ કેન્દ્ર સ્થાન ગણાંતા પલ્લી મેળા દરમિયાન માતાજીના પલ્લી રથ પર લાખો કીલો ઘી નો અભિષેક કરવામાં આવે છે. જયારે પલ્લી મેળા દરમિયાન ગામમાં ઘી ની નદી વહેતી જોવા મળે છે. ભાવિકો પણ શ્રધ્ધાપુર્વક માતાજીના દર્શન માટે ઉત્સુક જોવા મળે છે. ત્યારે પલ્લી મેળાને અનુલક્ષી તંત્ર દ્વારા પણ જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. પલ્લી મેળામાં દુકાન કરવા ઈચ્છુકો માટે આગામી તા ૨૨સપ્ટેમ્બરના રોજ પ્રક્રીયા હાથ ધરાશે.

**દુકાનો માટે પ્લોટ ફાળવવાની પ્રક્રીયા ૨૨ સપ્ટેમ્બરે હાથ ધરાશે : પલ્લી મેળામાં ભાવિકોની અવર જવર માટે ખાસ બસ વ્યવસ્થા**

નવરાત દરમિયાન નોમના દિવસે જિલ્લાના રૂપાલ ગામમાં ભવ્ય પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવે છે. જયારે આગામી તા ૨૯ સપ્ટેમ્બરના રોજ રૂપાલમાં વરદાયિની માતાના ભવ્ય પલ્લીમેળો યોજાશે. રૂપાલના ભવ્ય પલ્લી મેળાને અનુલક્ષી રૂપાલ ગ્રામ પંચાયત કક્ષાએ જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જયારે તંત્ર દ્વારા પણ પલ્લી મેળાને અનુલક્ષી આગોતરી વ્યવસ્થા માટે ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચના જણાંવ્યા મુજબ આગામી પલ્લી મેળાને અનુલક્ષી તા ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે દુકાનો માટે પ્લોટોનુ વેચાણ કરવામાં આવશે. ગ્રામ પંચાયત દ્વારા રસ ધરાવતા નાગરિકોને હાજર રહેવા જણાંવ્યુ છે. રૂપાલ પલ્લી મેળામાં લાખો ભાવિકો દર્શનનો લાભ લઈ પલ્લી રથ પર ઘી નો અભિષેક કરે છે. પલ્લી મેળામાં ભાવિકાનુ ઘોડાપુર ઉમેટે છે. ત્યારે ભાવિકો માટે ગાંધીનગર , કલોલ માણસા ,દહેગામ અને અમદાવાદ સહીતના વિસ્તારમાંથી બસ વ્યવસ્થાનુ પણ વિશેષ આયોજન કરવામાં આવે છે.

## હા... સાહેબ !

"ઢોલ ઢબુક્યા હોં... સાહેબ..!"

"હા સમય-સમયનું કામ કરે ને ભાઈ..! અને જોજો ને હમણાં મુરતિયાઓ ઘોડે ચઢીને આવી જશે..!"

"હા... હા... સાહેબ... મુરતિયાઓની પસંદગી શરૂ થઈ ગઈ છે..! અને લાઈનો લાં...બી લાગી છે..!"

"ઓ હો..! ભાજપમાં તો લાઈન લાગે... સ્વાભાવિક છે... પણ કોંગ્રેસમાંયે લાઈન છે..?!"

"સાહેબ તમને ખબર ના હોય તો કહું..! કોંગ્રેસમાં તો નવી નેતાગીરી ટીકીટ માટે તલપાપડ છે..!'.

"ખરૂ કહેવાય નહિ..! હારવામાંય લોકો લાઈન લગાવે છે..?!"

"એ તો સાહેબ તમે માનો છો..! અને કોંગ્રેસ હારી જશે... એ વાતમાં તો ખાંડ ખાઓ છો... ફીણ ના આવે ફીણ..! તો કહેજો મને..!!"

"ઓ...હો... ગજબનો વિશ્વાસ છે..! ધોળા દિવસે તારા દેખાવા માંડ્યા તમને તો... તમે ભાજપની ધામધૂમ તો જુઓ..! કેટલા મોટા સ્કેલ પર પ્રચારનું કામ શરૂ થઈ ગયું છે..!!"

"જે હોય તે...! પ્રચાર જે કરવો હોય તેવો કરે, જેવો કરવો હોય તેવો કરે, જેટલો કરવો હોય તેટલો કરે..!! જ્યારે પ્રજા જ નક્કી કરે છે ત્યારે પ્રચારની કોઈ અસર થતી નથી..!!"

"એવું ના હોય ભઈલા..! તને શું ભાજપ સાથે વાંકુ પડ્યું છે..?! આટ આટલો વિકાસ કર્યો-આટઆટલી યોજનાઓ બનાવી તોય તમારી તો એની એ જ કેસેટ વાગ્યા કરે છે..!!"

"સાહેબ..! આ કેસેટ નથી... પ્રજાની વેદનાની વાચા છે... તમે સાડા ચાર વર્ષ દંડા મારો અને પછી મલમ લગાવવા આવો એટલે પેલા સાડાચાર વર્ષ ભુલી જવાના..!?! કેટકેટલા લોકો હેરાન થયા છે..? અને થાય છે..?! અને હવે બધી સૂફીયાણી વાતો..?!"

"અરે યાર સરળ વાત છે, તમે એને ઉંધી કેમ સમજો છો ?! અમારા સાહેબની કક્ષાનો તમારી પાસે કોઈ નેતા નથી..! અમારી પાસે જેટલા કાર્યકરો છે એટલા તમારી પાસે કાર્યકરો નથી... અમારી પાસે જેવું વિઝન છે એવું તમારી પાસે વિઝન નથી... બસ વિરોધ કરવો એટલે કરવો જ..!!"

"સાહેબ... કોની પાસે કેટલુ વિઝન છે એ દેશ અને દુનિયા જુએ છે..! અમારા મનમોહનસિંહે કહ્યું હતું કે નોટબંધીથી વિકાસદર ૨ ટકા ઓછો થશે એ તમે માન્યું નહિ ને નવ મહિના પછી તમારા જ આંકડા કહે છે કે વિકાસદર તળિયે ગયો..!! આમાં વિઝન કોની પાસે સમજાવો તો..!?!"

"હા... એ તો મનમોહનસિંહ તો અર્થશાસ્ત્રી..! પણ એમાં તમે શેના હરખાઓ છો..?!"

"હરખાતા નથી સાહેબ હરખાતા નથી..! જેમની પાસે વિઝન છે એમની તમારી પાસે કિંમત નથી..! તમારે તો હા માં હા કરે એવા જ જોઈએ છે... બાકી મનમોહનસિંહ - રઘુરામ રાજન - શ્યામ પિત્રોડા - અરવિંદ પાનગઢિયા જેવા અનેક નામો છે..! કે જેમની તમારે મન કિંમત નથી..!!"

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના ૮ કેસ

**માણસામાં મહિલા દર્દીના મોત પછી રિપોર્ટ પોઝીટીવ આવ્યો : જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસ ૧૫૦ થયા : કરાઈમાં ૩, માણસા-દહેગામ શહેરમાં એક-એક મળી આવ્યા : નોંધાયેલા કેસોમાં મૃત્યુ પામનાર દર્દીની ટકાવારી રાજ્યની સરેરાશ કરતાં વધુ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુ બેકાબુ બની સતત વિસ્તરી રહ્યો છે. રાજ્યમાં એક તરફ આ રોગના દર્દીઓ ઘટી રહ્યાની વાતો સરકાર દ્વારા કહેવામાં આવી રહી છે ત્યારે આજે જિલ્લામાં વધુ ૮ કેસ નોંધાતાં કેસોની કુલ સંખ્યા ૧૫૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે એક મહિલા દર્દીનું મોત થયાના અહેવાલ પણ છે. જો કે મહિલા દર્દીના મોત પછી તેને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનો રિપોર્ટ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ સાથે સ્વાઈન ફ્લુથી મોત પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૭ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરના ૩, માણસા-દહેગામમાં ૨-૨ તેમજ કલોલમાં ૧ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગરના ૩ કેસ કરાઈમાંથી મળ્યા છે. જયારે દહેગામ અર્બનમાંથી એક અને ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળેલ છે. માણસામાં પણ માણસા અર્બનમાંથી ૧ અને માણસાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાંથી ૫૮, દહેગામ-માણસા ૧૯-૧૯ અને કલોલમાં ૫૨ કેસ છે. જિલ્લાનો એક કેસ મિલટ્રી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

સપ્ટેમ્બર માસ દરમ્યાન ૧૧ દિવસમાં જ ૩૬ કેસ સામે આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. છેલ્લા એક સપ્તાહથી ગરમી વધી હોવા છતાં હજુ સ્વાઈન ફ્લુ કાબુમાં નથી આવ્યો.

● અનુસંધાન પાન-૭ પર



'મા'નો ગરબો - નવરાત્રીનો કાઉન્ટ-ડાઉન શરૂ થયું છે... નવરાત્રીના આયોજનોની બેઠકોનો ધમધમાટ ચાલે છે... આયોજકો અને ગાયકોની બેઠકો પણ તડમાર તૈયારીઓની નિશાની તરીકે ચાલી રહી છે... તો ગરબાના મુળભૂત તત્વ તરીકે માટીમાંથી બનેલો ગરબો અલગ અલગ સાઈઝમાં તૈયાર થઈ રહ્યા છે... ગરબામાં દિવડો મૂકીને માથે લઈને ઘુમતી મહિલાઓ જ્યારે ગરબે રમે છે ત્યારે વાતાવરણમાં આધ્યામિક ચેતના પ્રસરે છે... આપણી પારંપારિક વિરાસત સમા ગરબાને સાચવવાનું ભગીરથ કામ નવરાત્રીના માહોલમાં થાય છે...

# પ્રધાનમંત્રીના રૂટમાં અંધારૂ ઉલેચવા વૃક્ષોમાં લાઈટો ફીટ કરાશે

**ખ-૦ થી રાજભવન સુધીના માર્ગ પર સિક્યુરીટી લાઇટ મુકાશે**

ગાંધીનગર તા ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગાંધીનગરની મુલાકાતે આવવાના છે. જેના લીધે છેલ્લા એક મહીનાથી તંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતને અનુલક્ષી જરૂરી તૈયારીઓનો ધમધમાટ ચાલી રહયો છે. ત્યારે ખ-૦ થી રાજભવન માર્ગ પર વૃક્ષોના ટ્રીમીંગ ઉપરાંત સિકયુરીટી લાઈટ મુકવાનુ કામ પણ ચાલી રહયુ છે. રૂટમાં અંધારુ હોય તેવા સ્થળે તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે લાઈટીંગ કરવામાં આવી રહયુ છે.

પ્રધાનમંત્રી પાટનગરની મુલાકાત અનુલક્ષી તંત્ર ઉંધા માથે છે. શહેરમાં પ્રધાનમંત્રીના રૂટમાં વૃક્ષોના ટ્રીમીંગ , સફાઈ તેમજ ફુટપાથ રીપેરીંગ સહીત સુરક્ષાના પરિબળોને ધ્યાને લઈ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન લચી પડેલી વૃક્ષોની ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. જયારે પ્રધાનમંત્રીના રૂટમાં ટ્રીમીંગ ઉપરાંત સફાઈ પણ કરવામાં આવી રહી છે. માર્ગ આસપાસના વિસ્તારમાં પણ ઉગી નિકળેલા ઘાસ તેમજ વનસ્પિત દુર કરવા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જયારે મહાત્મા મંદિરથી રાજભવન અને કોબા તરફના રૂટમાં જરૂરી સફાઈ તેમજ ટ્રીમીંગ ઉપરાંત ફુટપાથનુ રીપેરીંગ પણ કરવામાં આવી રહયુ છે. વધુમાં રાત્રિના સમયે અંધારૂ ઉલેચવા માટે સિક્યુરીટી લાઈટ પણ મુકવામાં આવી છે. ખ-૦ થી રાજભવન તરફના રૂટમાં સલામતીના ભાગરૂપે લાઈટો મુકવામાં આવી છે. તંત્ર દ્વારા અંધારૂ છવાયેલુ હોય તેવા પોઈન્ટ ધ્યાને લઈ વિશેષ પ્રકારની લાઈટો મુકવામાં આવી છે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તૈયારીઓનો ધમધમાટ ચાલી રહયો છે. જયારે સુશોભનની સાથે સુરક્ષાના પરિબળોને ધ્યાને લઈ તંત્ર તૈયારીઓમાં વ્યસ્ત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત જાપાનના વડાપ્રધાન પણ ગાંધીનગરની મુલાકાતે આવતા હોવાથી પોલીસતંત્ર પણ એલર્ટ મોડમાં છે. શહેરમાં અન્ય કોઈપણ પ્રકારના રેલી , ધરણા કે પ્રદર્શનના કાર્યક્રમોની મંજુરી પણ નહીં આપવાનો નિર્ણય લેવાયો છે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી ચાંપતા પોલીસ બન્દોબસ્તનુ પણ આયોજન કરી દેવાયુ છે.

# મધુર ડેરીથી ખ-૦ના ૧૦ પોઈન્ટ પર ગુજરાતના કલાકારો સાંસ્કૃતિક વિરાસત રજુ કરશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના એક દિવસના પ્રવાસે આવી રહેલા જાપાનના વડાપ્રધાન અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગાંધીનગરમાં આગમનના માર્ગો પર ૧૦ જેટલા ખાસ પોઈન્ટ પરથી ગુજરાતની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની ઝાંખી રજુ કરવામાં આવશે.

મધર ડેરીથી લઈ ખ-૦ સુધીના માર્ગ પર આ ૧૦ પોઈન્ટ નિયત કરવામાં આવ્યા છે. આ ૧૦ પોઈન્ટ પર બાળકો પણ વેશભૂષા સાથે રહેશે તેમજ સાંસ્કૃતિક વારસાની પણ પ્રસ્તુતિ કલાકારો દ્વારા કરવામાં આવશે.

ઈન્ડિયા-જાપાન એન્યુઅલ સમિટ અંતર્ગત જે ૧૪મીએ મહાત્મા મંદિર ખાતે યોજાનાર છે તેમાં બિઝનેસ ઈવેન્ટ પણ રાખવામાં આવેલ છે. જેમાં બન્ને દેશના પ્રધાનમંત્રીઓ આવી રહ્યા છે.

મહાત્મા મંદિર ખાતેની દાંડીકુટિરની પણ બન્ને પ્રધાનમંત્રીઓ મુલાકાત લેનાર છે તેમજ ડેલીગેશન રોકમાં પણ તેઓ હાજર રહી ભાગ લેનાર છે. આ મહત્વની ઈવેન્ટને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.

# જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આંકડાશાસ્ત્રના ૧૦ શિક્ષકોની ઘટ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન લાંબા સમયના અંતે પણ હલ થયો નથી. જેના લીધે કાયમી શિક્ષકોની ઘટના સામે પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપી કામ ચલાવાય છે. વાણિજય પ્રવાહના આંકડાશાસ્ત્રના વિષયના શિક્ષકો મળતા નથી. જિલ્લામાં હાલની સ્થિતિએ ૧૦ શિક્ષકોની ઘટ છે. જો કે પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી હોવાનુ પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં સરકારી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. જેના લીધે વિદ્યાર્થીઓ હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં પણ પાટનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જિલ્લાની વિવિધ શાળાઓમાં જુદા જુદા વિષય શિક્ષકોની ઘટ પ્રવર્તી છે. જેના લીધે શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપી કામ ચલાવાય છે. જયારે ધો ૧૧ અને ૧૨ ના વાણિજય પ્રવાહમાં આંકડાશાસ્ત્રના શિક્ષકોની ઘટ લાંબા સમયના અંત પણ પુરી શકાઈ નથી. જો કે વાણિજય પ્રવાહમાં મુળ એકાઉન્ટ વિષય તરફ વધુ ઉમેદવારોનો જોક હોવાથી આંકડાશાસ્ત્રના વિષયમાં શિક્ષણ વિભાગ માટે લાયક ઉમેદવારો શોધવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. કોર્મસમાં વિદ્યાર્થીઓ એકાઉન્ટને મુખ્ય વિષય તરીકે અપનાવતા હોવાના લીધે આંકડા શાસ્ત્રના વિષય શિક્ષક માટે ભરતી કરવાનુ કામ

● અનુસંધાન પાન-૭ પર


**ટેલીકોલર જોઈએ છે**
ફિમેલ
પગાર ૫૦૦૦/૭૦૦૦
સમય : ૧૦ થી ૫
મો. : ૯૯૦૪૮ ૩૪૯૩૬

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com